# રાજયમાં કોરોનાનો કહેર યથાવત : નવા ૧૧૪૦૩ કેસ

**રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૭ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૩૪૧૭૨૪ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૨૫૮ કેસ**

ગુજરાતમાં કોરોના હવે દિવસેને દિવસે વધારે બેકાબુ બનતો જઈ રહ્યો હોય તેમ લાગી રહ્યુ છે. રોજેરોજ આંકડા જે પ્રકારની છલાંગો લગાવી રહ્યા છે તે જોતા ગુજરાત પણ મહારાષ્ટ્રનાં રસ્તે જઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. રોજેરોજ કોરોનાના આંકડા કુદકેને ભુસકે વધી રહ્યા છે. રાજ્યમાં આજે ૧૧,૪૦૩ નવા કોરોનાના કેસ નોંધાયા. જ્યારે ૪૧૭૯ લોકો સાજા થયા છે. અત્યાર સુધી કુલ ૩,૪૧,૭૨૪ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં સાજા થવાનો દર પણ ઘટીને ૮૨.૧૫ ટકાએ પહોંચ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૮૯,૫૯,૯૬૦ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૧૪,૭૯,૨૪૪ નાગરિકોનું બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. આ પ્રકારે કુલ ૧,૦૪,૩૯,૨૦૪ રસીકરણનાં ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે ઉંમરનાં અને ૪૫થી ૬૦ વર્ષનાં કુલ ૭૨,૩૪૧ લોકોને પ્રથમ ડોઝ અને ૬૯,૮૯૫ લોકોને બીજા ડોઝનું રસીકરણ કરવામાં આવ્યું. જો કે રાજ્યમાં હજી સુધી કોઈને રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૧,૪૦૩ દર્દીઓ નોંધાયા છે. રાજ્યમાંથી ૪૧૭૯ દર્દીઓ સાજા થયા છે. આ સાથે રાજ્યનો રિકવરી રેટ પણ ગગડીને ૮૨.૧૫ ટકા પર પહોંચી ગયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૩,૪૧,૭૨૪ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો ૬૮૭૫૪ એક્ટિવ કેસ છે. જ્યારે ૩૪૧ લોકો વેન્ટિલેટર પર છે. ૬૮૪૧૩ લોકો સ્ટેબલ છે. ૩૪૧૭૨૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. ૫૪૯૪ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૧૧૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જેમાં સુરત કોર્પોરેશનમાં ૨૮, અમદાવાદ કોર્પોરેશન ૨૩, વડોદરા કોર્પોરેશન ૮, રાજકોટ કોર્પોરેશન ૭, સુરેન્દ્રનગર ૬, જામનગર કોર્પોરેશ ૪, ભરૂચ ૩, જામનગર, મોરબી, રાજકોટ, વડોદરામાં ૩-૩ અને બનાસકાંઠા, ભાવનગર, છોટાઉદેપુર, ડાંગ, દેવભુમિ દ્વારકા, ગાંધીનગર, મહેસાણા અને સુરતમાં ૨-૨ કેસ આવ્યા છે. આ ઉપરાંત અમરેલી, આણંદ, અરવલ્લી, ભાવનગર કોર્પોરેશન, બોટાદ, ગાંધીનગર કોર્પોરેશન, જૂનાગઢ, પંચમહાલ, પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં ૧-૧ સહિત કુલ ૧૧૭ લોકોનાં મોત નિપજ્યાં છે.




## ઉનાળો આકરો થયો ધનસુરામાં ૪૨ ડીગ્રીથી વધુ ગરમી

ઉનાળામાં ગરમીનો પારો વધી રહ્યો છે ગરમીનો પારો વધતા ધનસુરામાં લોકો અવર જવર ઓછી કરી રહ્યા છે જેથી રસ્તા સૂમ સામ દેખાય છે ધનસુરામાં ગરમીનો પારો ૪૨ ડીગ્રીથી વધુ એ પહોચ્યો હતો જેને લઈને રોડ અને બજારમાં લોકો ઓછા જોવા મળતા હતા. બપોર થતાં કોરોના અને ગરમીને લઈ લોકો ઘરની બહાર બહુ ઓછા નીકળતા હોય છે ગરમીને લઈ લોકો શેરડીનો રસ અને લીંબુ શરબત જેવી વસ્તુઓ પીને રાહત મેળવે છે ગરમીના લીધે રોડ પર વાહનોની અવર જવર પણ ઓછી જોવા મળી રહી હતી. ગરમીથી બચવા માટે લોકો શેરડીનો રસ અને કેરીનો જ્યુસ સહિત ઠંડા પીણાનો સહારો લઈ રહ્યા છે. ત્યારે લોકોએ ગરમીમાં પાણીનું સેવન વધુ કરવું જોઈએ અને કામ સિવાય ઘરની બહાર જવાનું ટાળવું જોઈએ.

## પોઝિટિવ કેસ ૩૦૦૦ને પાર : સાબરકાંઠામાં સતત બીજા દિવસે કોરોના વિસ્ફોટ, ૭૬ પોઝિટિવ કેસ

**ગામડાઓમાં બેકાબુ બનેલું સંક્રમણ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

સાબરકાંઠા જિલ્લામાં સતત બીજા દિવસે પણ કોરોના વિસ્ફોટ જોવા મળ્યો. ૭૬ પોઝિટિવ કેસ સામે આવ્યા છે જેમાંના મોટાભાગના દર્દીઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જિલ્લામાં હિંમતનગર, ઈડર સહિતના વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ વધુ હાવિ હોવાના અહેવાલ છે. સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીના પોઝિટિવ કેસ ૩૦૭૨ ઉપર પહોંચ્યો છે.

રાજ્યમાં કોરોનાએ તંત્રને હચમચાવ્યું છે. સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધી કોરોના અંકુશમાં હતો પરંતુ હવે એકાએક નિરંકુશ બનતાં હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર સહિતના વિસ્તારોમાં કોરોનાના દર્દીઓમાં ઉછાળો આવ્યો છે. જે આંકડા બહાર આવ્યા છે તે સરકારી દફતરે નોંધાયેલા છે પરંતુ અન્ય ખાનગી આંકડા ઉપર નજર કરીએ તો ચિત્ર વધુ બિહામણું બની ગયું છે. જિલ્લામાં દૈનિક ૧૮૦ થી ૨૦૦ પોઝિટિવ કેસ નોંધાતા હોવાની સંભાવના છે. જિલ્લાના તમામ ખાનગી દવાખાના, હોસ્પિટલો સવારથી જ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. સાબરકાંઠા આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ અત્યાર સુધીમાં જિલ્લામાં કોરોના પોઝિટિવ આંકડો ૩૦૦૦ને પાર કરી ગયો છે. જેમાંથી ૨૬૯૩ દર્દી ડીસ્ચાર્જ છે અને કુલ મૃત્યુ આંક-૨૩ નો બતાવ્યો છે.

## કોરોના કોર્નર

- પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનહોનસિંહ કોરોનાથી સંક્રમિત થતા એઈમ્સ હોસ્પિટલમાં દાખલ કરાયા.
- ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા આજથી દરરોજ ૧૫૦ મેટ્રિક ટન ઓક્સિજન વિના મૂલ્યે દિલ્હી, હરિયાણા અને પંજાબની હોસ્પિટલમાં પહોંચાડાશે.
- ઈફકો દ્વારા ૩૦ કરોડના ખર્ચે ૧૫ દિવસમાં ચાર ઓક્સિજન પ્લાન્ટ તૈયાર થઈ જશે.
- કોરોનાની બંને લહેરમાં ૭૦ ટકા દર્દીઓ ચાલીસ વર્ષથી ઉપરના છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના વરિષ્ઠ તબીબો અને દવા ઉત્પાદકો સાથે વિડીયો કોન્ફરન્સથી વાત કરી.
- કર્ણાટક સરકારે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ મોકુફ રાખી.
- બ્રિટનમાં પ્રધાનમંત્રી બોરીસ જ્હોન્સનની ભારતની મુલાકાત રદ કરાઈ.
- વલસાડ જિલ્લામાં આવતીકાલથી ૧૦ દિવસનું સ્વૈચ્છિક લોકડાઉન.
- રાજકોટ બસ ડેપોમાં ૭૫ ડ્રાયવર કંડકટર કોરોનાથી સંક્રમિત.
- અંબાજીમાં ત્રણ દિવસ સંપૂર્ણ લોકડાઉન.
- સાબરમતી જેલમાં એક જ દિવસમાં પાંત્રીસ કેદીઓ કોરોનાથી સંક્રમિત.
- મા કાર્ડની મુદત ૩૦-૬-૨૧ સુધી લંબાવાઈ.
- ગુજરાતના સહકાર સચિવ નલીન ઉપાધ્યાય કોરોનાથી સંક્રમિત.
- ખેડાના એડિશનલ કલેક્ટર રમેશ મેરજાને કોરોના પોઝીટીવ.
- હરદ્વારથી આવતા કુંભમેળાના વધુ પંદર યાત્રિકોને કોરોના પોઝીટીવ.
- બંગાળમાં મમતા બેનર્જીની કોરોનાના વધતા સંક્રમણને કારણે રેલીઓ અને સભાઓ નહી યોજવાની જાહેરાત.
- આરટીપીસીઆર ટેસ્ટના ભાવમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કરાયો. આવતીકાલથી લેબોરેટરી પર ૭૦૦ રૂપિયા અને હોમ કલેક્શન ૯૦૦ રૂપિયા ચાર્જ વસુલાશે.

## ખેડબ્રહ્માના આદિવાસી વિસ્તારમાં કોરોના રસીકરણ ઝુંબેશ સઘન બનાવવા રાજ્ય સભા સાંસદની હાકલ

**તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો સાથે આરડેક્તા કોલેજમાં બેઠકનું આયોજન**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

કોરોનાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે ત્યારે ૪૫ વર્ષથી વધુ વયના તમામ લોકો માટે કોરોના



વેક્સિનેશનની કામગીરી શરૂ કરવામાં આવી છે. સાબરકાંઠાના રાજ્ય સભા સાંસદ રમીલાબેન બારાએ ખેડબ્રહ્માના આદિવાસી વિસ્તારોમાં પ્રજા કોઈપણ પ્રકારના ડર કે ભય વગર કોરોનાની રસી લઈ પોતાનું જીવન સુરક્ષિત રાખે તેવા ઉદ્દેશ્ય સાથે રસીકરણ ઝૂંબેશ સઘન બનાવવા હાકલ કરી હતી. ખેડબ્રહ્માની આરડેક્તા ઈજનેરી કોલેજના કેમ્પસમાં યોજાયેલી બેઠકમાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો સહિત સંગઠનના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા અને વધુ ને વધુ લોકો કોરોનાનું રસીકરણ કરાવે તેના ઉપર ભાર મૂક્યો હતો.

વૈશ્વિક મહામારી બનેલા કોરોનાને નાથવા માટે સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક ઉપાય છે તેની સાથે કેન્દ્ર સરકાર દ્વારા તમામ નાગરિકોને તબક્કાવાર કોરોના વેક્સિન આપવાની કામગીરી ચાલી રહી છે. ૪૫ વર્ષથી વધુ વયના તમામ લોકોને કોરોના વેક્સિનેશનમાં આવરી લેવાની વડાપ્રધાનની અપીલ પછી રાજ્ય સભાના સાંસદે ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના સહિતના આદિવાસી વિસ્તારોમાં કોરોના રસીકરણ ઝુંબેશ સફળ રહે તે માટે ભાજપના કાર્યકર્તાઓ સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં જીતેલા સદસ્યો વગેરે સાથે તાજેતરમાં બેઠક યોજી હતી અને તમામ બુથ ઉપર વધુ ને વધુ લોકો કોરોના રસીનો લાભ લે તે જોવા માટે કાર્યકર્તાઓને હાકલ કરી હતી.

## અરવલ્લી જિલ્લામાં સ્ટેમ્પ વેન્ડર, નોટરી એસોસીએશનની સ્વૈચ્છીક બંધની જાહેરાત

**૩૦ એપ્રિલ સુધી ઓફીસ બંધ રાખવાનો નિર્ણય**

અરવલ્લી જિલ્લામાં કોરોના સંક્રમણ બેકાબુ બન્યું છે. પાછલા ૩ દિવસમાં ૧૬ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં સ્ટેમ્પ વેન્ડર-નોટરી એસોસીએશને સ્વૈચ્છીક રીતે ઓફીસો બંધ રાખવાનો નિર્ણય કરી મામલતદારને લેખિત જાણ કરી છે. મેઘરજના સ્ટેમ્પ વેન્ડર અને નોટરી એસોસીએશને મામલતદારને આ બાબતે લેખિત જાણકારી આપી છે.

સરકાર દ્વારા કોરોનાનું સંક્રમણ વધતાં અચોક્કસ મુદત સુધી ઈ-ધરા કેન્દ્રો બંધ કરવાનો નિર્ણય લીધો છે. ઈ-ધરા કેન્દ્રો બંધ હોવાના કારણે સ્ટેમ્પ વેન્ડર અને નોટરીને કોઈ મોટી કામગીરી રહેતી નથી તેમજ કોરોનાનું સંક્રમણ વધ્યું હોવાથી ગ્રામ્ય વિસ્તારમાંથી આવતી પ્રજાના કારણે કોરોનાનો વધુ ચેપ પ્રસરે તેવી દહેશત અને પ્રજાનું વધુ આરોગ્ય જોખમાય નહીં તે ઉદ્દેશ્યથી જિલ્લામાં સ્ટેમ્પ વેન્ડર-નોટરી એસોસીએશને તા.૩૦ એપ્રિલ સુધી સ્વૈચ્છીક બંધની જાહેરાત કરી છે. મેઘરજ ઉપરાંત અન્ય તાલુકાના એસોસીએશનો પણ પોતાની ઓફીસો ૩૦ એપ્રિલ સુધી બંધ રાખી શકે છે.

**ધનસુરા મામલતદારમાં કોરોનાનું સંક્રમણ અટકે તે માટે**

## ઈ-ધરા કેન્દ્રોની કામગીરી બંધ કરવામાં આવશે

ધનસુરા તાલુકા માં કોરોનાને લઈ સંક્રમણ અટકે તે માટે મામલતદારમાં ઈ-ધરા કેન્દ્રોની કામગીરી બંધ કરવામાં આવી છે હાલમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે એવામાં અરવલ્લી જિલ્લામાં ઈ-ધરા કેન્દ્રો બંધ કરવાનો નિર્ણય કરાયો છે ત્યારે ધનસુરા મામલતદાર ખાતે તારીખ-૨૦-૪-૨૦૨૧ થી ૩૦-૪-૨૦૨૧ સુધી ઈ-ધરાની કામગિરી બંધ રહેશે જિલ્લા કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ ધ્વારા જાહેર હિતોને ધ્યાનમાં રાખી આ નિર્ણય કરવામાં આવ્યો છે વધી રહેલા સંક્રમણને રોકવા માટે તકેદારીના ભાગરુપે ભીડ એકત્રિત ન થાય તેમજ સોશિયલ ડિસ્ટન્સ જેવી બાબતો જળવાય એ માટે ધનસુરા મામલતદાર કચેરીમાં આવેલ ઈ-ધરા કેન્દ્રની કામગીરી ૩૦ તારીખ સુધી બંધ રહેશે અત્યંત આવશ્યક કામગીરી સિવાયના મુલાકાતીઓના પ્રવેશ પર પ્રતિબંધ રાખવામાં આવ્યો છે સાથે ઈ-ધરાની અતિ આવશ્યક કામગિરી માટે ધનસુરા મામલતદારનો સંપર્ક કરવાનો રહેશે.

**તંત્ર ઉપરથી પ્રજાની આસ્થા ડગમગું**

## બાયડના ગાબટમાં કોરોનાને હરાવવા માટે હવન યોજાયું

**ફુલબાઈ માતાના મંદિરે વિદ્યાન બ્રાહ્મણની ઉપસ્થિતિમાં હવન**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

આધુનિક વિજ્ઞાનની હરણફાળ છતાં દેશ અને રાજ્યમાં દૈવી શક્તિ ઉપર વિશ્વાસ ધરાવતા લોકોની સંખ્યા સર્વાધિક છે. અરવલ્લી જિલ્લા સહિત બાયડ તાલુકાને કોરોનાએ ધમરોળી નાખ્યો છે. પાછલા ૩ દિવસમાં કોરોના ૧૬ થી વધુ લોકોને ભરખી ગયો છે ત્યારે બાયડ તાલુકાના ગાબટ ગામમાં કોરોનાને હરાવવા માટે ફુલબાઈ માતાના મંદિરે હવન યોજવામાં આવ્યું છે. વિશ્વ અને દેશ ઉપર આવેલું કોરોનાનું સંકટ દૂર થાય, પ્રજા કોરોનાના ડરમાંથી બહાર આવે તેવા ઉદ્દેશ્ય સાથે વિદ્યાન બ્રાહ્મણની ઉપસ્થિતિમાં હવનનું આયોજન થયાનું નરેન્દ્ર હીરાભાઈ પટેલે જણાવ્યું છે.

જ્યારે પણ આસૂરી શક્તિઓનો પ્રભાવ વધે ત્યારે દૈવી શક્તિઓ જ મદદરૂપ થતી હોય છે. અત્યારે કોરોનાનો કપરોકાળ ચાલી રહ્યો છે. સતત કોરોનાનું સંક્રમણ વધતાં લોકો ટપોટપ મરે તેવી સ્થિતિ પેદા થઈ છે. જિલ્લામાં ઓછો વરસાદ હોય તો પર્જન્ય



યજ્ઞ યોજાય, ભગવાન શિવજીના શિવલીંગને પાણીમાં ડૂબાડીને પજવવામાં આવે..તેવા અનેક ધાર્મિક કાર્યક્રમો આ વિસ્તારમાં આયોજીત થયેલા છે અને ત્યાર પછી સારાં પરિણામ પણ મળ્યાં છે. સમગ્ર અરવલ્લી જિલ્લા સહિત ગાબટ પંથકને કોરોનાનો રોગચાળો હંફાવી રહ્યો છે. કેટલાક લોકોના કોરોના સંક્રમણથી મોત નિપજ્યા છે ત્યારે ચૈત્ર નવરાત્રિમાં કોરોનાના મહાદૈત્યને હરાવવા માટે હવનનું ગાબટમાં ફુલબાઈ માતાના મંદિરે આયોજન કરાયું. જેમાં કોવિડ લાઈનના અમલ સાથે અનેક શ્રદ્ધાળુઓએ હવનના દર્શનનો લાભ લીધો હતો.

## જન્મદિને વધામણી



જૈમીન ભરતસિંહ મકવાણા
નારણપુરા(આકરૂન્દ)



મહેન્દ્રભાઈ આર. પટેલ
(નિવૃત્ત પ્રિન્સિપાલ : સરપ્રતાપ હાઈસ્કુલ, ઈડર)
ડેમાઈ, તા.બાયડ



યશ બી. ચૌધરી
(અરવલ્લી પો. અધિક્ષકની કચેરી)
શીકા, તા.ધનસુરા

## હિંમતનગરમાં ૭ માળની બિલ્ડીંગ ઉપરથી મહિલાની મોતની છલાંગ

હિંમ.નગર, તા. ૧૯

હિંમતનગરમાં ૭ માળની નિર્માણધિન બિલ્ડીંગ ઉપરથી અજાણી મહિલાએ છલાંગ લગાવી મોતને વ્હાલુ કરી લેતાં કમકમાટી ભર્યા બનાવે સૌને સ્તબ્ધ કરી દીધા છે. પોલીસ વડા કચેરીની સામે જ બનેલા કરૂણ બનાવના પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત સ્થાનિક પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. મૃતદેહને ઈમરજન્સી-૧૦૮ દ્વારા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

જિલ્લાના પાટનગરમાં બનતી અનેક ઘટનાઓએ પોલીસને દોડતી કરી દીધી છે. કોરોનાના કપરા કાળમાં કોઈને પણ મરવું ગમતું નથી તો પછી આપઘાત કેમ કરવો પડે..?? સાબરકાંઠા પોલીસ વડાની કચેરી સામે આવેલી બિલ્ડીંગના ૭મા માળેથી પડતું મૂકીને મહિલાએ જીવન લીલા સંકેલી લીધી હતી. મહિલાએ આત્મહત્યા કરી છે કે પછી કોઈએ તેને આત્મહત્યામાં ખપાવવાનો પ્રયાસ કર્યો છે..??


## ચોઈલામાં કોરોનાથી બે નાં મોત, બ્રહ્મ સમાજમાં માતમ છવાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

બાયડ તાલુકામાં કોરોના જીવલેણ સાબિત થઈ રહ્યો છે. બાયડ તાલુકામાં ચોઈલામાં કોરોનાથી ૪ દિવસમાં ૨ નાં મોત નિપજતાં બ્રહ્મ સમાજમાં માતમ છવાયો છે. ગામમાં કેટલાક લોકો કોરોનાથી સંક્રમિત હોવાનું પણ બહાર આવ્યું છે.

કોરોનાની બીજી લહેર વધુ ઘાતક સાબિત થઈ રહી છે. કોરોનાના વધતા સંક્રમણથી વાત્રકની કોવિડ હોસ્પિટલ તેમજ બાયડની ખાનગી હોસ્પિટલો હાઉસ્ફુલ થઈ ગઈ છે. એક રીતે બાયડ તાલુકો સેમી વુહાન તરફ ધકેલાઈ રહ્યો છે. દરરોજ ૨૫ થી ૩૦ રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવી રહ્યા છે. બાયડની સોસાયટીઓમાં પણ કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બન્યું છે. અનેક લોકો હોમ ક્વોરન્ટાઈન છે ત્યારે બાયડ તાલુકાના ચોઈલા ગામમાં પણ કોરોના માનવભક્ષી સાબિત થયો છે. બ્રહ્મ સમાજના બે આશાસ્પદ યુવાનોને કોરોના ભરખી જતાં ગામ સહિત સમાજમાં માતમ છવાયો છે. આવનારા દિવસો અગ્નિ પરીક્ષારૂપ છે ત્યારે પ્રજાએ પણ હવે કોરોનાથી બચવા માટે સાવધાની રાખવી પડશે.

## દુ:ખદ અવસાન



બાયડ તાલુકાના ડેમાઈ ગામના નાયી સમાજના અગ્રણી કાળીદાસ બુધેશ્વરભાઈ નાયીનું નિધન થયેલ છે.

## બાયડમાં કોરોના વિસ્ફોટ, રેપિડ ટેસ્ટમાં ૨૫ પોઝિટિવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

બાયડમાં સોમવારે પણ કોરોના વિસ્ફોટ જોવા મળ્યો. રેપિડ ટેસ્ટમાં ૨૫ લોકો પોઝિટિવ આવતાં તેમને હોમ ક્વોરન્ટાઈન કરાયા છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. વાત્રકની કોવિડ હોસ્પિટલ હાઉસ્ફુલ થઈ જતાં દર્દીઓને વેઈટીંગમાં મૂકવામાં આવ્યા છે.

કોરોનાએ આતંક મચાવવાની શરૂઆત કરી છે. જિલ્લાના બાયડ થી ભિલોડા સુધીના તમામ વિસ્તારોમાં કોરોના વિસ્ફોટની સ્થિતિ છેલ્લા એક સપ્તાહથી જોવા મળી છે. સ્વયંભૂ અને આંશિક લૉકડાઉન અને પ્રજામાં માસ્ક પહેરવાની જાગ્રતતા દેખાઈ છતાં કોરોનાનું સંક્રમણ ઘટવાના બદલે વધી રહ્યું છે તે જોતાં આગામી સમય પ્રજા અને તંત્ર માટે અગ્નિ પરીક્ષારૂપ બની શકે છે. બાયડ તાલુકા હેલ્થ અધિકારી ડૉ.ધર્મેન્દ્ર પરમારે જણાવ્યું કે બાયડમાં સરેરાશ રેપિડ ટેસ્ટમાં દૈનિક ૨૫ લોકો પોઝિટિવ આવી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ કેસમાં ઉછાળો આવ્યો છે. પ્રજાએ અનિવાર્ય કામ સિવાય બહાર ન નિકળવું, ઘરમાં જ રહેવાની આરોગ્ય વિભાગ દ્વારા તાકીદ કરવામાં આવી છે.

## ઉત્તર ગુજરાતની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૭૫૦ શિક્ષણ સહાયકોની પસંદગી કરાઈ

**૨૩ એપ્રિલે નિમણૂંક હુકમ અપાશે, શાળાઓમાં શિક્ષણ કાર્ય બંધ થયા પછી પસંદગી..!!**

બાયડ તા.૧૯

રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં છેલ્લા ૬ વર્ષથી શિક્ષકોની ઘટના કારણે બોર્ડ પરિણામ ઉપર માઠી અસર જોવા મળી આખરે શિક્ષણ વિભાગે રાજ્યમાં ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં વિવિધ વિષયના ૨૯૩૮ શિક્ષણ સહાયકોની પસંદગી કરી છે. ઉત્તર ગુજરાતમાં ૭૫૦ ઉમેદવારોની પસંદગી પછી છેલ્લી ઘડીએ કોઈ ફેરફાર ન થાય તો ઉમેદવારોને તા.૨૩ એપ્રિલે નિમણૂંક હુકમ જિલ્લા કક્ષાએ આપવામાં આવશે. કોરોનાની મહામારીના કારણે ૫૦-૫૦ ઉમેદવારોને બોલાવવામાં આવ્યા છે.

સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૧૮૦૦ થી વધુ શિક્ષકોની ઘટ હતી. ભરતી પ્રક્રીયામાં વારંવાર વિલંબના કારણે શિક્ષણ વિભાગ દ્વારા પ્રવાસી શિક્ષકોની નિયુક્તિ માટે લીલીઝંડી આપવામાં આવી હતી પરંતુ પ્રવાસી શિક્ષકોના કારણે અનેક શાળાઓના બોર્ડ પરિણામને ગંભીર અસર પહોંચી. સમયસર પ્રવાસી શિક્ષકોના પગાર ન થવાના કારણે અનેક ઉમેદવારો પ્રવાસી શિક્ષકની નોકરી છોડી જતા રહ્યા હતા. ત્યારે ગત વર્ષથી મા. અને ઉ.મા. વિભાગમાં ભરતી માટેની પ્રક્રીયા શરૂ કરવામાં આવી હતી.

મેરીટ તેમજ જિલ્લા પસંદગી થયા પછી હવે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ૭૫૦ શિક્ષણ સહાયકોની પસંદગી કરવામાં આવી છે. અત્યારે સ્થિતિ એ છે કે કોરોનાના કારણે શાળાઓમાં શિક્ષણ કાર્ય બંધ છે અને શિક્ષણ સહાયકોની પસંદગી થઈ છે. જાન્યુઆરીમાં પસંદગી કરાઈ હોત તો અનેક શાળાઓને વિષય શિક્ષકોના રૂપમાં મોટી રાહત થઈ હોત.